## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

થયો છે કમળો, સત્તા સિવાય કંઈ દેખાતું નથી,
તોડ-ફોડ, ત્રાજવે મૂલ્યો જેવું કંઈ જોખાતું નથી
'કાદવ'માં ખિલેલા કમળને મળ્યા છે કુસંસ્કાર -
ત્રભાણું ભરાયું હોય તો કોઈ પાપ લેખાતું નથી
(ખાઈ નહીં તો ઢોળી નાખું - ગંજીનો કૂતરો - પાંડીચેરી)

### હાઈકુ

મારી કૂટીને
કરે હાડ ખોખરાં -
'લોકશાહી'નાં

કાળાં કરીને -
યેનકેન પ્રકારે -
કરો કેસરી!

(ચૂંટાયેલી સરકારોની તોડફોડ)

### ચિંતન

**નાસ્તિ મેઘ સમં તોયં, નાસ્તિ ચાત્મસમં બલમ્ ।**
**નાસ્તિ ચક્ષુઃ સમં તેજો, નાસ્તિ ધાન્યસમં પ્રિયમ્ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મેઘરાજા જેવું બીજું કોઈ પાણી નથી અને પોતાના બળ સિવાય બીજું કોઈ બળ નથી, આંખ જેવું કોઈ બીજું તેજ નથી, અનાજ જેવી પ્રિય બીજી કોઈ ચીજ નથી.

પાણી માટે માનવી મોટા પુરુષાર્થ કરે છે, કૂવા-કેનાલ-તળાવ બનાવે છે. પણ ઘરમાં જ લોટો ભરીને પાણી પીવું હોય તો બે કદમ ચાલવું પડે, એમાં કોઈ આપે અને પછી પીવું એવી આશા - અપેક્ષા જ ખોટી ગણાય. આપ સમાન બળ નહીં કોઈ પણ કામ આપણા ધાર્યા પ્રમાણે, આપણા દૃષ્ટિકોણથી જો કરવું હોય તો જાતે જ કરવું જોઈએ.

આંખ જેવું તેજ નથી. દૃષ્ટિ વિના અંધકાર છે. અનાજમાં તમામ રસ આવી જાય છે. અટળક સંપત્તિ પણ કોઈ સમયસર ખવડાવનાર કે ગરમ રસોઈ કરી જમાડનાર ન હોય તો એ સંપત્તિ એ એકઠા કરેલા પથરા જ ગણાય છે.

### સુવિચાર

- દોસ્ત દુર્યોધન પણ હોઈ શકે ને દોસ્ત અર્જુન પણ હોય... કર્ણ કે કૃષ્ણ થાવું એ આપણા પર રહ્યું - **બોધિવૃક્ષ**
- પથ્થર પ્રતિમા બન્યો એ જોઈ હૈયું હરખી ગયું... પણ...
  પ્રતિભાને પૂજનારો પથ્થર જ રહ્યો, એ જોઈને દિલ રડી પડ્યું - **જીવન પાથેય**
- મોટા બનવું હોય તો હંમેશા પોતાની મર્યાદામાં રહો કેમ કે
  દરેક મોટી કંપની પાછળ લીમીટેડ લખેલું હોય છે - **શાહબુદ્દિન રાઠોડ**
- અનુભવ એટલે પ્રયાસની વધી ગયેલી ઉંમર - **એસ. ભટ્ટાચાર્ય**
- બનાવો સફર એવી કે મંઝિલને પણ ઈર્ષા થાય, હારજીતની વાત નથી પણ હરીફ દ્વારા ચર્ચા થાય - **અખંડ આનંદ**
- 'જી' બોલ કર જીના જીનેકી કલા હૈ, અતઃ હંમેશા
  'જી' બોલેં ઔર હંમેશા 'જી' ભર જિયેં - **મુનિ પ્રજ્ઞાસાગર**
- આજનું ઔષધ : મીઠા લીમડાંને ચટણીની જેમ વાટીને તે પેસ્ટ ફંગલ ઈન્ફેકશન વાળા ભાગ પર ૩૦ મિનિટ સુધી લગાવવાથી ખંજવાળ વગેરેમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

એક યુવાનનો મૂળ સ્વભાવ ક્રોધથી ભરેલો હતો. નાની વાતમાં પણ માતા, પિતા કે ભાઈ સાથે ઝઘડો કરી બેસે. એના ગામમાં સાચા સંત આવ્યા. આ યુવાન એમની પ્રભાવી વાણીથી ઈમ્પ્રેસ થયો. એણે સંતને કહ્યું, 'મહારાજ, મને અધ્યાત્મમાં પ્રવેશ આપો, દીક્ષિત કરો, તમારો શિષ્ય બનાવો.' યુવાન ક્ષણિક એવા મૃદુભાવમાં હતો જેની સંતને બરાબર જાણ થઈ ગઈ. તેમણે તેને પોતાની પાસે બેસાડીને પૂછ્યું, 'ભાઈ, તમે કદી કોઈને પ્રેમ કર્યો છે?' યુવાન આશ્ચર્યચકિત થઈ ગયો. 'આપ આવી પ્રેમની વાતો કરો છો? હું તો આપની પાસે વૈરાગ્યની વાત લઈને આવ્યો છું. અને આપ મને પ્રેમમાં પડવાની વાત કરવા માંગો છો? પ્રેમ તો પ્રપંચ છે, હું તમને ત્યાગની વાત પૂછું છું.' સંતે ફરી પૂછ્યું, 'મને જવાબ આપો કે તમે તમારા માતાને, પિતાને કે ભાઈને પ્રેમ કર્યો છે?' યુવાન બોલ્યો, 'મહારાજ આપ તો હદ કરો છો. એ તો સાંસારિક વાત છે, આપની પાસે હું દિક્ષા લેવા આવ્યો છું. અને આપ મને સંસારની વાતો પૂછો છો, મેં કોઈને પ્રેમ નથી કર્યો. મારી રૂચિ તો ભક્તિ છે. હું પ્રેમ-બ્રેમની વાતમાં અટવાયો નથી.' સંતે કહ્યું, 'ભાઈ, તો મારી પાસે તારા માટે કોઈ ઉપાય નથી. જે વ્યક્તિ પોતાની સાથે રહેતા લોકોને પ્રેમ નથી કરી શકતો તે પ્રભુ સાથે કેવી રીતે પ્રેમ કરશે? તમે અમારા શિષ્ય થવાને લાયક નથી.' યુવાને મોંઢું ફેરવીને ચાલતો થયો.

# 'મિશન મમતા' સહેલું પણ નથી

**તંત્રીસ્થાનેથી...**

કોઈ એક નેતા જયારે જનમાનસમાં ઊંડે સુધી પ્રવેશી જાય છે ત્યારે એને હટાવવો અઘરો પડી જાય છે. ઈંદિરા ગાંધી એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. એમ તો પંડિત નહેરુ પણ એનો જ દાખલો ગણાય, જો કે એમની સામે બહુ મોટો પડકાર ઊભો થઈ શક્યો નહોતો અને જે થયો હતો તે ઉત્તરપ્રદેશ જેવા એકાદ રાજય પૂરતો મર્યાદિત હતો. ઈંદિરા ગાંધી સામે એવો પડકાર ફક્ત એમની ભૂલને કારણે ઊભો થયેલો. એમણે કટોકટી લાદીને નાગરિકના મૂળભૂત બંધારણીય અધિકારો પર તરાપ મારી એથી વિરોધીઓને સૈદ્ધાંતિક ભૂમિકા બાજુએ મૂકી એક મંચ પર આવવાની તક સાંપડી હતી. એમાં મૂળ કોંગ્રેસી વડીલોએ જનસંઘથી લઈ લોકદળ અને ડાબેરીઓ સાથે હાથ મિલાવ્યા હતા. પરંતુ એ પ્રયોગ અઢી વર્ષના શાસનમાં જ કડડભૂસ થઈ ગયો અને 'ઈંદિરાજી આઈ હૈં, નઈ રોશની લાઈ હૈં' ના નારા ગૂંજતા થયા હતા. નરેન્દ્ર મોદીએ પણ લોકમાનસમાં એમની અનિવાર્યતા પ્રસ્થાપિત કરી છે. એમનું પરિવાર મુક્ત હોવું અને સંઘ પરિવાર યુક્ત હોવું તથા ઉદ્યોગપતિઓથી લઈ મીડિયા સુધીનો ઘનિષ્ઠ સંબંધ એમને દેશના કર્ણધાર માટેની લોક વ્યાખ્યામાં રાહુલ ગાંધી જેવા બિન અનુભવી અને કયારેક ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની તુલના કરી પેટ ચોળીને પીડ ઊભી કરનારા નેતાની તુલનામાં ઘણા ચડિયાતા સાબિત કરે છે. મોદી પાસે પ્રચંડ પ્રતિભા છે. એ ઉત્તમ વક્તા છે અને પ્રતિકૂળતાને અનુકૂળતામાં પલટી શકે છે. તદુપરાંત તેઓ જમ્મુ-કાશ્મીર કે અયોધ્યા ને તીન તલાક જેવા મુદ્દે ત્વરીત નિર્ણયો કરવાનું જોખમ વહોરી શકે છે. કેજરીવાલ એમની સુશાસન વ્યવસ્થાને લીધે દિલ્હી પૂરતા અનિવાર્ય બની ગયા છે. પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ એમના રાજય પૂરતી પોતાની અનિવાર્યતા સ્થાપિત કરી દીધી છે. હિંદુ મુસ્લિમ વચ્ચે તિરાડ ઊભી કરીને 'જય શ્રી રામ' ના નારા લગાવીને દીદીનું જે લોકહૃદયમાં સ્થાન છે એને હચમચાવવાનું અઘરું છે. પ્રશાંત કિશોર જેવા કાલેબ ચૂંટણી સલાહકાર ઝીણામાં ઝીણી બાબતનું વિશ્લેષણ કરી મમતા બેનરજીને જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે. એમને મળી રહેલા વધુ પડતા મહત્ત્વના કારણે તૃણમૂલ કોંગ્રેસના ઘણા સિનિયર નેતાઓએ નારાજ થઈને ભાજપનો ભગવો પણ ધારણ કરી લીધો છે. પણ એથી મમતાનો ગઢ ધરાશાયી થઈ ગયો છે એવું નથી. હમણાં જ થયેલ એક ચૂંટણી પૂર્વેના સર્વેક્ષણમાં ૫૬ ટકા લોકો મમતા બેનરજીને જ મુખ્યમંત્રી માટે સૌથી વધારે લાયક ગણે છે. ભાજપ પાસે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પદનો કોઈ ચહેરો નથી. એ તો હિંદુત્વ, બાંગ્લાદેશી મુસલમાનોની હકાલપટ્ટી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે જ ચૂંટણીમાં ઊતરશે. સામા પક્ષે મમતા બેનરજી પાસે 'બહારના લોકો' વાળું કાર્ડ આવી ગયું છે. બંગાળ પર બંગાળી નેતાઓનું જ શાસન હોવું જોઈએ. જો ભાજપ સત્તા પર આવશે તો મુખ્યમંત્રી ભલે બંગાળી નેતા હોય પણ રિમોટ કંટ્રોલ મોદી અને અમિત શાહના હાથમાં રહેશે. મોદી-શાહની બેલડી ગુજરાતી હોઈ મમતા છડેચોક કહે છે કે બંગાળ પર ગુજરાતીઓને રાજ નહીં કરવા દઈએ. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા માટે પણ એમણે 'નડ્ડા-ફડ્ડા' જેવો કટાક્ષ કર્યો હતો. મમતા બેનરજી બંગાળી મતદારો માટે દુર્ગાનો જ અવતાર છે. એમની સાદગીભરી જીવનશૈલી અને 'મા, માટી, માનુષ' ઉપરાંત 'આમાર બાંગ્લા સોનાર બાંગ્લા'નું સૂત્ર પ્રાદેશિકતાને તીણી ધાર આપે છે. મમતાને બંગાળમાંથી હટાવવાનું મોદી કે શાહ ધારે છે એટલું સહેલું નથી.

# બેંક લોકર સુરક્ષિત કરતું સુપ્રિમ કોર્ટ

**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

ગ્રાહકએ સંપૂર્ણપણે બેન્ક ઉપર આશ્રિત છે. ત્યારે તેની સંપત્તિનું રક્ષણ કરવું એ બેન્ક માટે અનિવાર્ય છે.

સુપ્રિમ કોર્ટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને બેન્કોમાં લોકર સુવિધાના અનુસંધાનમાં 6(A) માસમાં નવો નિયમ લાવવાનો નિર્દેશ કરેલ છે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, બેન્ક લોકરના ઓપરેટીંગને લઈ તમારા ગ્રાહકો સાથે મોં ફેરવી શકો નહી. ન્યાયાધીશ એમ.એન. શાંતનગૌડર અને વિનિત સપ્તની બેન્ચે જણાવ્યું કે, વૈશ્વિકીકરણની સાથે બેન્ક સંસ્થાઓએ સામાન્ય લોકોના જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા પ્રાપ્ત કરી છે. તેના લીધે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય આર્થિક લેવડ દેવડ વધવાની છે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, લોકો ઘર પર તરલ સંપત્તિ (રોકડ, દાગીના વિગેરે.) રાખવાથી ખચકાઈ રહ્યા છે. જે અસલામત માર્ગ પણ છે. ધીરે ધીરે રોકડ રહિતની અર્થતંત્ર તરફ દેશ આગળ વધી રહ્યો છે. પ્લાસ્ટીક મની નો વપરાશ વધ્યો છે. તેવા સંજોગોમાં બેન્કો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતું લોકરો ચોક્કસ પ્રકારની સેવા બની ગયું છે. જેને સલામત રાખવું જરૂરી જ નહી પરંતુ બેન્કો માટે અનિવાર્ય પણ છે.

આ પ્રકારની સેવાઓ નાગરીકોની સાથે વિદેશી નાગરીકો પણ મેળવી શકે છે. જો ઈલેક્ટ્રીનિકલી ઓપરેટીંગ લોકરનો વિકલ્પ પણ છે, પરંતુ તેમાં ગરબડની શંકા વધારે છે. સાથે સાથે જો ટેકનીકલી માહિતી નથી તો તેવા લોકો માટે આવા લોકરનું ઓપરેટીંગ મુશ્કેલભર્યુ બની શકે છે.

હવેથી બેન્ક લોકરમાં મુકેલ વસ્તુ રોકડ કે દાગીનાથી બેન્ક જવાબદારીથી બચી શકશે નહિ. ગ્રાહકએ સંપૂર્ણપણે બેન્ક ઉપર આશ્રિત છે. ત્યારે તેની સંપત્તિનું રક્ષણ કરવું એ બેન્ક માટે અનિવાર્ય છે. આવી સ્થિતિમાં બેન્ક આવા કેસોમાં ગ્રાહકોથી મોં ફરેવી શકે નહી અને બેન્ક એ દાવો ના કરી શકે કે લોકરના ઓપરેટીંગ માટે તેઓ પોતાના ગ્રાહકોના પ્રત્યે કોઈ જવાબદારી ના રાખી શકે. બેન્ચે કહ્યું કે, બેન્કોના આ પ્રકારના પગલા માત્ર ગ્રાહક સંરક્ષણ કાયદાના સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન છે, પરંતુ રોકાણકારોનો ભરોસો અને એક ઉતરતા અર્થતંત્ર તરીકે આપણે શાખને નુકશાન પહોંચાડે છે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, એ જરૂરી નથી કે આર.બી.આઈ. એક વ્યાપક દિશાનિર્દેશ લાવે જેનાં એ અનિવાર્ય હોય કે લોકરના સંદર્ભમાં બેન્કોને શું પગલા ભરવાના છે. વધુમાં જણાવ્યું કે, બેન્કોને એ સ્વતંત્રતા ના હોવી જોઈએ કે તેઓ ગ્રાહકો ઉપર એકતરફી અને અનુચિત શરતો થોપે. બેન્ચે જણાવ્યું કે, આ બાબતો ધ્યાનમાં રાખતા આપણે આર.બી.આઈ.ને 6(A) માસમાં આ સંદર્ભમાં ઉપયુક્ત નિયમ બનાવવાનો નિર્દેશ આપે છે.

નામ. સુપ્રિમ કોર્ટ આ ચુકાદો કોલકાતાના અમિતાભ દાસ ગુપ્તાની અપીલની સુનવણીમાં આપેલ છે. જેનું પાલન કરવું આર.બી.આઈ.ની તમામ બેન્કો માટે ફરજીયાત છે. આગામી છ માસમાં આર.બી.આઈ. બેન્ક લોકર ઓપરેટીંગ સીસ્ટમને વધુ સુદઢ, સલામત અને સહજ બનાવે જેથી નોન ડિજીટલાઈઝેશન ઓપરેટીંગ પણ કોઈપણ વ્યક્તિ સરળ રીતે કરી શકે અને પોતાનું બેન્ક લોકર સુરક્ષિત રાખી શકે.

સામાન્ય પ્રજા પોતાની માલ-મિલકત, દર દાગીના કે વધારાની રોકડ રકમ બેન્કના લોકરમાં મૂકી સલામતી અનુભવે છે અને શાંતિથી પોતાના ઘરે ચિંતા મુક્ત રહે છે. જ્યારે લાંબાગાળા બાદ પોતે બેન્ક લોકર ઓપરેટ કરવા જાય છે ત્યારે ડિઝીટલાઈઝેશનમાં પોતાનો પાસવર્ડ ભૂલી ગયો હોય છે. અગર તો લોકરની ચાવી ખોવાઈ ગઈ હોય છે. ત્યારબાદ પોતાનું લોકર ખોલાવવા માટે લાંબી ટેકનીકલી અને કાયદાકીય પ્રક્રિયામાં ગ્રાહકે ઉતરવું પડે છે. પરિણામે ગ્રાહકને સમયસર પોતાની વસ્તુ મેળવી શકતો નથી. આવા દુષ્પરિણામોના કારણે બેન્કોની શાખામાં પણ ઘટાડો થાય છે. ગ્રાહક બેન્કોમાં મૂકેલ પોતાની મિલકતમાં પણ અસલામતી અનુભવે છે.

રાષ્ટ્રીય સમાધાન પંચના આદેશ સામે દાસ ગુપ્તાએ અપીલ કરતા રાષ્ટ્રીય કન્ઝયુમર ફોરમ સમક્ષ એક અરજી સબમિટ કરેલ અને યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડીયાને લોકરમાં રાખેલા દાગીના પરત આપવા અથવા તેની બજાર કિંમત ગ્રાહકને ચૂકવવા નુકશાન બદલ ૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કરેલ અને જણાવ્યું કે, લોકરમાં રાખેલા માલની પુનઃપ્રાપ્તીના સંદર્ભમાં ગ્રાહક મંચનો અધિકાર ક્ષેત્ર મર્યાદિત છે.

હવે આ ચુકાદાથી સીનીયર સીટીજનો અને બેન્ક લોકર ગ્રાહકોમાં રાહતની લાગણી અનુભવાઈ છે. પોતાની માલમિલકત, દાગીના બેન્ક લોકરમાં નિરાંતે મૂકી સલામતી અનુભવશે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in

# મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ? મહા હેતવાળી દયાળી જ મા તું

**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

**હતો હું સુતો પારણે પુત્ર નાનો,**
**રડું છેક તો રાખતું કોણ છાનો ?**
**મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ?**
**મહા હેતવાળી દયાળી જ મા તું.**
**- દલપતરામ**

**કોઈની પણ મા**

એક નાના ગામના શિક્ષકની આત્મકથા વાંચવી આપણને ગમે છે , 'બાનો ભીખુ' (લે. ચંદ્રકાંત પંડ્યા) એ એવા જ એક શિક્ષકની વાત છે. એના જીવનમાં કોઈ મોટી ઊથલપાથલ નથી. અને છતાં એ કથા વાંચવી ગમે છે, કારણ એ મારા અને તમારા જેવા સામાન્ય માણસની વાત છે. ભીખુ મોટો 'કોલર' નથી. પૈસાની ઝાકમઝાળ નથી, એનાં કપડાં અને એના ઘરની ભીંતો દરિદ્રતાની ચાડી ખાય છે એટલે જ આ ભીખુની વાત આપણી આંખને ભીની કરે છે. પણ આ વાત એકલા ભીખુની હોત તો કદાચ એ ઊણી લાગત. એની કથાની પશ્ચાદ્ એની બાનો ચહેરો સતત તરવર્યા કરે છે. એની છબી, એનું જીવન, એનું સમર્પણ હૃદયને ભીનું કરે છે, પવિત્ર કરે છે. આ ભીખુની મા કોઈની પણ મા હોઈ શકે.

આ મા હિન્દુસ્તાનના ઘરે ઘરે છે, ગામડે ગામડે છે. દરિદ્રતા એને કપાળે લખાયેલો શાપ છે. અને છતાં એ એના ઘરની સેવા કરે છે, પુત્રોને જીવનના પ્રવાહમાં તરતા મૂકે છે. એ સતત પ્રેમની ગંગા વહાળે જાય છે – બધાને પાવન કરે છે, કોઈ ફરિયાદ નથી કરતી, કોઈ અપેક્ષા નથી રાખતી. એટલે માત્ર વહાલી જ નથી લાગતી; પુણ્યશ્લોક, પ્રાતઃસ્મરણીય પણ લાગે છે. એટલે જ પ્રાર્થનામાં પહેલાં યાદ કરીએ છીએ 'ત્વમેવ માતા...' કોઈએ કહ્યું નહોતું કે, પ્રભુને જ્યારે પૃથ્વી પર આવવાનું મન થાય છે ત્યારે માતાનું રૂપ ધરીને આવે છે ?

આ ભીખુની બાની વાત એ સતત ચાલ્યા આવતા દુર્ભાગ્યની યાત્રા છે. એ કથાનો પ્રારંભ થાય છે પતિના અકાળ મૃત્યુથી. પતિ પાછળ મૂકી જાય છે કારમી દરિદ્રતા અને નાનાં સંતાનો માને તો મરી જવું હતું. પણ બે નાના દીકરા ને એક નાની દીકરીને હજી ઉછેરવાનાં હતાં. કાળી મજૂરી કરી ધગધગતા રણમાં ઉઘાડા પગે અને મુંડન કરાવેલ માથે જિંદગીના બોજા એને હજી ઊંચકવાના હતા. એટલે એ જીવી ગઈ.

એણે કરકસર કરી છે. નાની નાની બાબતોમાં પૈસા બચાવી એણે દાબડામાં ભેગા કર્યા છે. છતાં દુર્ભાગ્ય જુઓ : આ બચત, આ કરકસર એને ક્યારે કામ લાગી ? પતિનું બારમું કરવામાં !

ભીખુની બાની દિનચર્યા વાંચતાં એક વીતી ગયેલો જમાનો આંખ આગળ ફરી ઊભો થાય છે. સવારના પાંચથી ગાય-ભેંસની માવજત સાથે ઊગતો દિવસ રાત્રે ચીંથરેલ ગોદડીમાં ઈશ્વરસ્મરણ સાથે પૂરો થાય છે. તે ગાળામાં કેટકેટલાં કાર્યો વચ્ચે એ ફરી વળે છે ! દેવપૂજા, પશુઓની સારસંભાળ, બાળકોની દેખભાળનિશાળ ચૂલો ફેંકતી, સગાંસંબંધીઓને સાચવતી, અનેક નાનાંમોટાં કામોમાં જાતને નિચોવતી જતી માં સૌથી છેલ્લી સૂઈ જાય. એને રજાઓ નથી, ને રવિવારે તો વધારે કામ ! પણ એ બધું તો રોજની સ્વાભાવિક સાધના છે એટલે ભુલાઈ જાય છે.

દીકરાને એ વહાલથી મોટો કરે છે, પારકાનાં કામ કરી ભણાવે છે. છતાં ક્યારેક એ તૂટી પણ પડે છે. એક વખત ભીખુએ કામ નથી કર્યું. ભેંસે દૂધ નથી આપ્યું, ઘરાકો પાછા ફરે છે. બા અકળાઈ ગઈ છે. ભીખને લાકડીએ લાકડીએ ઝાપટે છે. બોલી પણ ઊઠે છે, "મૂઓ, મરે તો એક સંતાપ ઓછો !" આ બોલતાં તો બોલાઈ જાય છે, પણ એને તરત ફિટ આવી જાય છે. અને માનું હૃદય જુઓ. કળ વળતાં એ પહેલો પ્રશ્ન પૂછે છે : "ભીખુએ ખાધું " જે માને આટલો ભાવ હો દીકરા માટે, તેને પુત્રને ફટકારતાં કેટલું દુઃખ થયું હશે ? પણ આ અનુભવ ભીખનો એકલાનો જ થોડો છે ? તમારો અને મારો પણ નથી શું ? શૈશવમાં કેટલીય વાર ધમકાવી ને પછી માએ જ વહાલથી મોંમાં કોળિયો મૂકી આપણાં આંસુ લૂક્યાં. નહોતાં શું ?

મેટ્રિક સુધી દીકરાને લાવી તો ખરી, પણ ફોર્મ ભરવાના પચીસ રૂપિયા પાસે નથી. આ મામૂલી રકમ માટે બે બંગડી ગીરવે મૂકવી પડે છે. ત્યારે લેખક કહે છે : "પતિ મર્યા પછી એ દિવસે તે સાચેસાચ વિધવા બની એવું તેને લાગેલું." અને છતાં વિધિની વિચિત્રતા જુઓ ફોર્મને માટે દાગીના ગીરવે મૂક્યા, પણ પનોતો પુત્ર એ પરીક્ષામાં પાસ જ ન થયો !

પણ આ તો ગરીબાઈ સામેનું એનું રોજનું યુદ્ધ હતું. કદાચ એ કોઠે પણ પડી જાય. છતાં આનાથી વધુ ક્રૂર ઘા નિયતિ માને ત્યારે આપે છે જ્યારે એની દીકરી પંદર દિવસની નવજાત બાળકી અને બે નાના દીકરા મૂકી કૂવે પડી આપઘાત કરે છે. દીકરી પાસેથી એનાં દુઃખ જાણવાનો એને અવસર પણ ન મળ્યો ! માત્ર મૃત્યુના સમાચાર આપતો કાળો પત્ર ! મા ત્યારે આટલું જ બોલે છે : "અરે ભૂંડી ! મને જરા કહ્યું હોત તો જનમભર મારે ઘેર પાલવત !" દરિદ્રતાની ચાડી ખાતું હોય તોપણ માનું ખોરડું ખૂબ વિશાળ હોય છે. અનેક લોકોને એ સમાવી શકે છે.

મીરોલ્લાફ હોલુબના કાવ્યમાં કેવું વેધક ચિત્ર છે :

**જે રાહ જુએ છે તે હંમેશાં મા હોય છે.**
**નાની થતી, નાની થતી,**
**ઝાંખી થતી, ઝાંખી થતી,**
**સેકંડે સેકડે,**
**ન કોઈ ડ એને જુએ**

આ ભીખની બાનું ચિત્ર છે આજથી થોડા દાયકા પહેલાનું. પણ આવી પ્રેમથી ધબકતી માને શોધવા આવતી કાલે દીવો લઈને તો નીકળવું નહીં પડે ને એવો વહેમ થાય છે.

**- વિપિન પરીખ**

Last Seen :

**લાગે છે આજ કાલ એક બે રોટલી ઓછી ખવાય છે!**
**ધ્યાન આપ્યું તો રોટલી એટલી જ ખવાય છે,**
**પણ હજુ એક ખવાય એવું કહેનારૂં ખોવાય છે?**

- nehalgadhavi101@gmail.com

# ઓટો રીક્ષા ચાલક મનોજભાઈ ચૌહાણ : પડાકારો મોટા છે, પણ પ્રેમ અને શક્તિ સામે વામણા છે

**નવી સવાર**
રમેશ તન્ના

કવિવર ઉમાશંકર જોશીએ કહ્યું છે કે મોટાઓની અલ્પતા જોઈ થાક્યો, નાનાઓની મોટાઈ જોઈ જીવું છું... આ વિશ્વમાં અનેક નાના લોકો એવા છે જેમની મોટાઈ જોઈને તેમને સલામ કરવાનું કે પછી વંદન કરવાનું મન થઈ જાય.

આજે એવા જ એક, જેમની મોટાઈનો કોઈ પાર નથી તેવા ઓટો રીક્ષા ચાલક મનોજભાઈ ચૌહાણીની વાત કરીએ.

અમદાવાદના જૂના વાડજ વિસ્તારમાં રામાપીરનો ટેકરો આવેલો છે. અહીં હજારોની સંખ્યામાં શ્રમિકો રહે છે. એવો જ એક પરિવાર મનોજભાઈનો છે. મનોજભાઈના પિતાનું નામ મૂળજીભાઈ અને માતાનું નામ રાજીબહેન. મોહનભાઈ પોતે ૧૦ પાસ છે. તેઓ મહેનકશ અને નિષ્ઠાવાન. જે કામ કરે તે ગુણવત્તા સભર જ કરે. આળસનું તો સ્વભાવમાં કોઈ નામ જ નહીં. બાપુનગરમાં અનિષ્ઠા મિલ આવેલી છે તેમાં નોકરી કરતા હતા. મિલ બંધ થઈ એટલે ઓટો રીક્ષા ચલાવવા લાગ્યા.

તેમની બહેન પરણાવી હતી ત્યાંથી પરત આવી. તેનો ભારે તનાવ મોહનભાઈના પિતા મૂળજીભાઈને રહ્યા કરે. મૂળજીભાઈની ઊંચા લોહીના દબાણની બિમારી. તનાવમાંને તનાવમાં તેમણે જાતે જ બીપીની ગોળી લેવાનું બંધ કરી દીધું. રોજ મોહનભાઈ યાદ રાખીને પૂછે ખરા કે બાપા, ગોળી લીધી ને ? તેઓ ખોટું બોલે. એના કારણે તેમને આશરે અઢી વર્ષ પહેલાં પેરેલિસિસનો એટેક આવી ગયો. તેઓ પથારીવશ થઈ ગયા. દરમિયાન પોતાની સાસરીમાંથી આવેલી દીકરીનું ક્યાંય મન લાગ્યું તો તે પોતાની રીતે પરણીને જતી રહી. તેમની બે દીકરીઓ, બે ભાણીઓનો ભાર મોહનભાઈ પર આવી ગયો.

નોંધપાત્ર બાબત હવે આવે છે. મોહનભાઈ અને તેમનાં ધર્મપત્ની અરૂણાબહેન આ બન્ને ભાણીઓને પોતાની સગી દીકરીઓની જેમ પાળી રહ્યાં છે. તેમને સરસ રીતે ભણાવી પણ રહ્યાં છે. અમદાવાદનો એક રીક્ષાવાળો... પથારીવશ પિતા, તેમની સેવામાં કાર્યરત મા, પોતાનાં બે બાળકો અને બે ભાણીઓ... દરેકને મહેનત કરીને સરસ રીતે રાખી રહ્યા છે. તેમનો એક ભાઈ દીવ્યાંગ છે તે હેલ્મેટ સર્કલ પાસે પેઈન્ટર તરીકે કામ કરે છે.

આ છે પ્રેમની શક્તિ. મોહનભાઈ કહે છે કે મહેનતમાં બધા જ પ્રશ્નોના ઉત્તર પડેલા છે. તેમને કોઈની સામે કોઈ જ ફરિયાદ નથી. તેઓ કહે છે કે મને મારા ઘરેથી (તેમનાં જીવનસાથી અરુણાબહેન)નો ખૂબ જ સાથ છે. અરુણાબહેન રામા પીરના ટેકરા પર આવેલા રુદ્ર ડેવલપમેન્ટ સેન્ટરમાં ફરજ બજાવે છે. સેન્ટરનાં ઈન્ચાર્જ માયાબહેન કહે છે કે અરુણાબહેનની નિષ્ઠા, સૂઝ અને પરિશ્રમની ભાવના ઉદાહરણ આપવું પડે તેવી છે.

મોહનભાઈ કહે છે કે મને મારાં જીવનસાથીનો ટેકો ના મળે તો હું કશું જ ના કરી શકું. જીવનમાં ઘણી વખત હું હતાશ થઈ જાઉં ત્યારે મને તે જ સાચવી લે છે. તે મને જબરજસ્ત હીમત આપે છે. કહે છે કે આ સમય પણ નીકળી જશે. ચિંતા ના કરો, હું તમારી સાથે છું ને.. વાચક મિત્રો, આ છે ભારતની સાચી સ્ત્રી શક્તિ. આવી કરોડો-કરોડો સ્ત્રીઓની પ્રેમ અને સંવેદના પર આપણો દેશ ટકેલો છે. થોડીક અભિનેત્રીઓ ને થોડીક વિવિધ ક્ષેત્રમાં આગળ વધેલી સ્ત્રીઓને જ આપણે સ્ત્રી શક્તિ કહીને મોટી ચૂક કરી રહ્યા છીએ. ઘરે ઘરે આવી શક્તિ પડેલી છે.

મોહનભાઈ સવાર અને સાંજ બે વખત ઓટો રીક્ષા લઈને નીકળી પડે છે. ખર્ચો બાદ કરતાં રોજના ચારસો રૂપિયા કમાઈ લે છે. અરુણાબહેનનો પગાર પણ આવે છે અને ઘર ચાલે છે. એક રૂમ રસોડાનું પોતાનું મકાન છે.

લોકડાઉનમાં તેમનો પરિવાર મોહનભાઈના સાસરામાં અટવાઈ ગયેલો. એ વખતે તેમનાં સાસુ-સસરાએ તેમને ખૂબ જ સરસ રીતે જાળવી લીધાં હતાં. એ દિવસોને યાદ કરતાં મોહનભાઈની આંખો ભીની થઈ જાય છે.

મોહનભાઈને આપણે મળીએ એટલે એક જાતની ખાનદાની અને આભિજાત્યનો અનુભવ થાય. તેમના શબ્દોમાં લાગણી શકે. એકદમ સરળ અને સહજ જીવન. નવ વ્યક્તિનો પરિવાર. એક રૂમ અને એક રસોડાવાળું મકાન.. ટૂંકી અને મર્યાદિત આવક.. તો પણ પ્રેમની અખૂટ સંપત્તિના જોરે તેમનો આખો પરિવાર સરસ રીતે જીવી રહ્યો છે.

મોહનભાઈ ચૌહાણ (સંપર્ક ૭૬૦૦૧૨૮૪૭૩) જેવા નાના લોકો ખરેખર ઘણા ઊંચા ગજાના માણસો છે. તેમને વંદન.

**છાંયડો :**

**માણસના ગજવામાં જેમ જેમ પૈસો વધતો જાય છે તેમ તેમ ગજવા નીચેના હૃદયમાંથી પ્રેમ ઘટતો જાય છે.**

**(તેમાં ઘણા ઓછા અપવાદ હોય છે.)**